**EDII**

**Divya Bhaskar**

**July 16, 2022**
**Page No.02**
**Of City Bhaskar**

**TRAINING** 20 પ્રોફેસર્સને નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવશે

# ઇનોવેશનને પ્રોત્સાહન આપવા EDIIએ આંત્રપ્રિન્યોરશિપ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજ્યો




**અમદાવાદ** | ઈનોવેશનને પ્રોત્સાહન આપવા તથા વિદ્યાર્થીઓને આંત્રપ્રિન્યોરશિપ સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે ઈડીઆઈઆઈ વિવિધ યુનિવર્સિટી સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યું છે. ત્યારે ઈડીઆઈઆઈએ એમએમએમયુટી, સીએસજેએમ, એકેટીયુ, એસવીપીયુએએન્ડટી જેવી યુનિવર્સિટી સાથે મળીને રોડમેપ ઉપર કામ શરૂ કર્યું છે. પાંચ દિવસીય કાર્યક્રમનો ઉદ્દેશ્ય આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે ઉપલબ્ધ તકો, કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ નાણાકીય સહાય યોજનાઓ, વિદ્યાર્થીઓ માટે નવા કોર્સ તૈયાર કરવા, વિદ્યાર્થીઓના આઈડિયાને સ્ટાર્ટઅપ માટે પસંદ કરવા, ઈન્ક્યુબેશન અને પ્રી-ઈન્ક્યુબેશન મેથડ તથા સંસ્થાની અંદર ઉદ્યોગસાહસિકતાંનો માહોલ વિકસિત કરવાનો હતો. આ અંતર્ગત ઈડીઆઈઆઈ દ્વારા પાંચ યુનિવર્સિટી અને એક ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના 20 પ્રોફેસર્સને નિઃશુલ્ક ટ્રેનિંગ આપવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડૉ. સુનીલ શુક્લાએ ટ્રેનિંગ પ્રોગ્રામ વિશે વાત કરતા કહ્યું હતું કે, 'આપણે આત્મનિર્ભર બનવા માટે વિદ્યાર્થી જીવનથી જ ઉદ્યોગસાહસિકતાને અપનાવવું પડશે. હાલમાં યુનિવર્સિટીઝની લીડરશિપ જાગૃક અને અગ્રેસર છે, જે શુભ સંકેત છે.'